# વહેતું ઝરણ જેવું હતું એવું જ છે, વાતાવરણ જેવું હતું એવું જ છે!

સ્પંદન

નિરંજન યાજ્ઞિક

અનુપને લાગતું હતું કે, આજે તો ચોકક્સ બેન્કમાં મોડા જ પહોંચાશે. ટિફિન આજે મોડું આવ્યું ને કામવાળી બહેન પણ મોડી આવી. આજે પહેલી વાર અનુપને લાગ્યું કે ઘરમાં કમસે કમ એક સ્ત્રી તો હોવી જ જોઈએ. સ્ત્રી વિના જ આ બધી મોંકાણ થાય છે એમ હવે એને ચોક્કસ લાગ્યું. પહેલાં તો માતા હતી એટલે ત્રણ બેડરૂમનું એમનું નીલદીપ સોસાયટીનું ટેનામેન્ટ સાચા અર્થમાં ઘર લાગતું હતું પણ પિતાજીના અવસાનનાં બે જ વર્ષ પછી માતા પણ એમની પાછળ ગઈ અને અનુપ નોંધારો થઈ ગયો. “કાં અનુપભાઈ,” બારણેથી અવાજ આવ્યો ને અનુપ વર્તમાનમાં આવી ગયો, ‘‘આજે કેમ બેન્કમાં જવાનું મોડું થાય છે ?’’

“શું કરું હિંમતભાઈ,” અનુપ બોલ્યો, “બસ, નીકળતો જ હતો. આજે કામવાળી ને ટિફિનવાળીએ મોડું કરાવ્યું ને હજી વસ્ત્રાપુરથી મેમનગર જતાં કેટલો સમય જાય છે એ તો ટ્રાફિક પર આધારિત છે.” “આપણા અમદાવાદમાં હવે ટ્રાફિકનું પૂછવાનું જ નહીં,” હિંમતભાઈ હસ્યા, “આ તમે બેન્કવાળા બધા જો દસ વરસ માટે વાહન પર લોન બંધ કરી દો તો ટ્રાફિક હળવો થાય.” “અરે હિંમતભાઈ,” અનુપ બોલ્યો, “એવી લોન બંધ કરવાની તો વાત જ ન કરશો, બેન્કો માંદી પડી જાય!” વાતો કરતા કરતા અનુપ બહાર નીકળીને સ્કૂટર પાસે ગયો ને હિંમતભાઈ એમના ઘરમાં ગયા. સ્કૂટર સ્ટાર્ટ કરીને અનુપે મેમનગર તરફ ભગાવ્યું. એને લાગતું હતું કે આજે તો મોડું થવાનું જ પણ ટ્રાફિક નહીંવત હતો એટલે એ સમયસર બેન્કમાં પહોંચી ગયો.

એણે હજી કેશ કાઉન્ટર સંભાળ્યું જ હતું કે દસેક મિનિટ પછી એના કાન સાથે અવાજ અથડાયો.

‘‘સર...’’ અવાજ આવ્યો ને અનુપે એ તરફ નજર કરી. બાવીસેક વરસની એક સુંદર યુવતી એની સામે ઊભી હતી. એના હાથમાં રૂપિયાની થોકડી હતી. “સર,” પેલી યુવતી ફરી બોલી, “મારે આ રૂપિયા જમા કરવા છે મારા ખાતામાં, તમે કરી આપશો પ્લીઝ?” “સામેના ખાનામાં સ્લીપો છે,” અનુપ બોલ્યો, “એમાંથી તમારે જોઈતી સ્લીપ લઈને ભરી દો ને સ્લીપ ભરીને આ રૂપિયા મને આપો.”

અનુપ એના કામમાં પડ્યો ને થોડી વારે પેલી યુવતી સ્લીપ અને રૂપિયાની થોકડી લઈને એની સામે આવી.

“સર,” એણે કહ્યું, “આ સ્લીપ અને આ વીસ હજાર રૂપિયા.” અનુપે સ્લીપમાં નામ વાંચ્યું મીતા નરેશભાઈ શાહ. એનો ખાતાનંબર જોઈને અનુપે કમ્પ્યુટરમાં એન્ટ્રી કરી દીધી ને ફરી સ્લીપ પર નજર નાખી.

“અરે,” અનુપે કહ્યું, “મીતાબહેન, આમાં તમારી સહી જ નથી, સહી કરી આપો.’’ “સોરી,” મીતા બોલી, “હું જિંદગીમાં પહેલી વાર જ પૈસા ભરવા આવી છું. પૈસા ઉપાડવા માટે ATM જ જવાનું થાય. આ તો મારા પપ્પાએ જમીન વેચેલી ગામડામાં, એનો છેલ્લો હપ્તો ખેડૂત આપી ગયો, એટલે મારે આવવું પડયું.” “તમે નોકરી કરો છો?” અનુપે પૂછ્યું.


“ના રે,” મીતા બોલી, “મારાં પપ્પા અને મમ્મીને અવસાન પામ્યે બે વરસ થયાં. અમારી હીરાની ફેક્ટરી છે સુરતમાં, એની આવકમાંથી ભાગીદાર મને દર મહિને પૈસા મોકલતો રહે છે, બાકી મારા જેવી આર્ટસ ગ્રેજ્યુએટને કોણ નોકરી આપે?”

“મારાં મમ્મી પણ બે વરસ પહેલાં જ અવસાન પામ્યાં, પપ્પા એમની પહેલાં ગયા,’’ અનુપ બોલ્યો.

‘‘તો તો આપણે સમદુ:ખીયા કહેવાઈએ!” મીતા હસી, “ચાલો, એ બહાને આજે તમારો સારો પરિચય થયો.” “આશા રાખું છું કે,” અનુપે ધીમેથી કહ્યું, “પરિચયનો પંથ ખૂટે નહીં!” “મળીશું,” મીતા પગ ઉપાડતાં બોલી, “મારો નંબર સેવ કરી લો ને તમારો નંબર આપો.” નંબરની આપ-લે પત્યા પછી મીતા તો ગઈ પણ આખો દિવસ અનુપ મીતાના વિચારોમાં જ ખોવાયેલો રહ્યો. બે-ત્રણ દિવસ પછી સાંજના મીતાનો ફોન આવ્યો ને અનુપે આશ્ચર્યથી ફોન ઉપાડયો.

“હેલો,” સામા છેડેથી અવાજ આવ્યો, “અનુપ શાહ બોલે છે?” “હા, મીતા શાહ, અનુપ જ બોલું છું,” અનુપે કહ્યું, “બોલો, શું હતું?”

અરે,” મીતા બોલી, “હોય શું? આ તો મારો જન્મદિવસ છે કાલે, એટલે સાંજના મારે ત્યાં જમવા આવવાનું ફાવશે?” “ચોકક્સ,” અનુપે કહ્યું, “ક્યાં આવવાનું છે?” “મારા ઘેર જ,” મીતા બોલી, “વસ્ત્રાપુરમાં, લોકેશન મોકલું છું.” “અરે વાહ,” અનુપ બોલ્યો, “હું પણ વસ્ત્રાપુરમાં જ રહું છું એટલે



લોકેશનની જરૂર નથી, કયા ફ્લેટમાં રહો છો ?”

“પલક સેન્ટરમાં,” મીતાએ કહ્યું.

“જોયો,” અનુપ હસ્યો, “નહેરુપાર્કમાં, રીજન્સી ટાવરની સામે, મારા મિત્રો રહે છે એટલે હું બે-ત્રણ વાર ત્યાં આવી ગયો છું.’’

હું આવી જઈશ.” બીજા દિવસે સાંજના અનુપ

**આઠ વાગ્યાની મારી ફ્લાઈટ છે એટલે હું મારાં કપડાં ભરીને નીકળી જાઉં છું. ડાયવોર્સ પેપર પર સહી કરીને મેં ટિપોઈ પર મૂક્યા છે, તું યોગ્ય નિકાલ કરજે. મેં ઉબેર બોલાવી લીધી છે એ પણ હમણાં આવી જશે. આવજે, ને શાંતિથી રહેજે**

મીતાના ઘેર પહોંચી ગયો. મીતાએ સરસ રસોઈ બનાવી હતી. જમવામાં બે જ જણા હતાં. જમીને મીતાએ કેક કાપી અને એક ટુકડો અનુપના મોંમાં મૂક્યો. અનુપને આશ્ચર્ય થયું, પહેલી જ મુલાકાતમાં આટલી આત્મીયતા! એ કશું બોલ્યો નહીં પણ એને લાગ્યું કે, મીતા એકલી જ રહેતી હોઈ આવી આત્મીયતા દર્શાવતી હશે.

એ સાંજ પછી બન્ને વચ્ચે સંબંધનો તાંતણો બંધાતો ગયો. ઘણી વાર મીતા પણ અનુપને ઘેર આવતી.

“મીતા,” એક વરસ પછી અનુપે કહ્યું, “હવે આપણે લગ્ન કરીને સાથે ન રહી શકીએ?” શરમાઈને મીતા નીચું જોઈ ગઈ.

“આનો અર્થ હું હા સમજું ને?” અનુપે પૂછ્યું.

“હા,” કહેતાની સાથે મીતાના ઓષ્ઠદ્વય પરથી હાસ્યગુલાબ સરક્યું. એ જ અઠવાડિયામાં બન્નેએ કોર્ટ મેરેજ કરી લીધા. મિત્રોને સરસ હોટેલમાં પાર્ટી આપી. લગ્ન પછી અનુપે બેન્કમાં એક મહિનાની રજા મૂકી અને બન્ને જણાં થાઈલેન્ડ અને દુબાઈ ફરી આવ્યાં. “અનુપ,” મીતા એક રાત્રે બોલી, “કેવા સરસ દિવસો પસાર થાય છે આપણા, ભગવાન સદાય આ રીતે આપણને સાથે રાખે એ જ હું તો ઈચ્છું છું.” “સાચી વાત છે તારી,” અનુપ બોલ્યો, “જોડીઓ ભગવાન બનાવે છે, તો નિભાવે પણ એ જ છે.”

સાબરમતીમાં પાણી વહેતું રહ્યું ને બે વરસ ક્યાં પસાર થઈ ગયાં એની અનુપને કે મીતાને ખબર પણ ન પડી. અનુપ લગભગ સાંજ સુધી બેન્કમાં રહે ને સાંજના મોડેથી ઘેર આવે, એ દરમ્યાન મીતા કંટાળી જતી. ક્યારેક એ એકલી એકલી સ્કૂટર લઈને શોપિંગ કરવા ચાલી જતી. એક દિવસ એ શોપિંગ કરવા ગઈ અને એ જ દિવસે અનુપ વહેલો ઘેર આવ્યો. બારણે તાળું જોઈને એ નિરાશ થયો. એણે મીતાને ફોન કરીને ઘેર આવી જવાનું કહ્યું ને અડધા કલાકમાં તો મીતા ઘેર આવી પણ ગઈ. “અલ્યા, ક્યાં ગઈ હતી તું?” અનુપે કહ્યું. એના ચહેરા પરથી કંટાળો નીતરતો હતો.

“ક્યાંય નહીં,” મીતા બોલી, “પેલેડિયમ મોલમાં ગઈ હતી.” “પણ ચાવી ક્યાંક મૂકીને જવું જોઈએ ને?’’ અનુપ બોલ્યો, “હું એક કલાકથી આવ્યો છું, કંટાળી ગયો.” મીતા બારણું ખોલીને અંદર ગઈ ને અનુપે પણ અંદર જઈને કપડાં બદલ્યાં.

એ રાત્રે બન્ને વચ્ચે ખાસ વાતચીત ન થઈ. સંબંધનો એક તાંતણો તૂટી ગયો હોય એવું અનુપને લાગ્યું. “અનુપ,’’ બીજા દિવસે સવારે અનુપ બેન્કમાં જવાની તૈયારી કરતો હતો ત્યારે મીતા બોલી, “મને થોડા પૈસા આપતો જજે, ઘરનો સામાન ને સીધું લાવવાના છે.” “કેટલા આપું?” અનુપે પૂછ્યું. “પંદર-વીસ હજાર આપ, વધશે એ પાછા લાવીશ.” મીતા બોલી. “આ મહિનામાં તેં ત્રીજી વાર પૈસા માગ્યા,” અનુપ બોલ્યો, ‘‘થોડી કરકસર કરતા શીખે તો સારું.” “આમાં કરકસરની વાત ક્યાં આવી?” મીતા બોલી, “ઘરની વસ્તુઓ લાવવાની છે, સીધું લાવવાનું છે, પૈસા તો જોઈએ ને? કૈં નહીં, ન આપતો જા.” અનુપ બહાર નીકળ્યો ને મીતાએ ધડામ અવાજ આવે એ રીતે બારણું બંધ કર્યું, સ્કૂટર ચાલુ કરતા અનુપને સંભળાયું. એને લાગ્યું કે, સંબંધનો બીજો તાંતણો પણ આજે તૂટ્યો! એ પછીના દિવસોમાં અનુપને બે-ત્રણ વખત બહાર બેસી રહેવું પડયું, કકળાટ કરીને મીતા પૈસા માગતી રહી અને ધીમે ધીમે બન્નેના અવાજની ડેન્સીટી પણ વધતી ગઈ. હવે અવાજો ઉગ્ર બનવા લાગ્યા. “જો મીતા,’’ એક સાંજના અનુપે કહ્યું, “હવે આપણે સાથે રહી શકીએ એવી સ્થિતિ નથી રહી. આવા ઝગડા કરવા એના કરતાં આપણે છૂટાં પડી જઈએ એ વધારે સારું નથી લાગતું?”

“તમને ઠીક લાગે એમ કરો,” મીતાએ કહ્યું.

“હું કાલે જ વકીલ પાસે ડાયવોર્સના કાગળો તૈયાર કરાવીને મારી સહી કરીને તને આપી દઈશ,”અનુપે કહ્યું, “અને મેં દિલ્હી ટ્રાન્સફર માટે અરજી કરેલી એ મંજૂર થઈ ગઈ છે એટલે કાલે સાંજના સાત વાગ્યાની ફ્લાઈટમાં હું દિલ્હી જઈશ. આ ઘર ને અહીંની તમામ વસ્તુઓ હવે તારી છે. તું સુખેથી અહીં રહી શકે છે.’’

મીતા કશું બોલી શકી નહીં. સજળ આંખે એ સાંભળતી રહી. બીજા દિવસે સાંજના ચાર વાગ્યે એ ઘેર આવી ગયો. “મીતા,” એણે કહ્યું, “આઠ વાગ્યાની મારી ફ્લાઈટ છે એટલે હું મારાં કપડાં ભરીને નીકળી જાઉં છું. ડાયવોર્સ પેપર પર સહી કરીને મેં ટિપોઈ પર મૂક્યા છે, તું યોગ્ય નિકાલ કરજે. મેં ઉબેર બોલાવી લીધી છે એ પણ હમણાં આવી જશે. આવજે, ને શાંતિથી રહેજે.” અનુપ બેગ ભરીને બહાર આવ્યો, એ વખતે ટેક્સી આવી ગઈ હતી. મીતાને આવજો કહીને એ ટેકસીમાં બેસી ગયો. રસ્તામાં એ વિચારતો રહ્યો - ખરેખર બધો વાંક મીતાનો જ હતો? પોતાનો કોઈ વાંક જ ન હતો ? એને લાગ્યું કે, પોતાનો પણ વાંક હતો. મીતા પૈસા માગતી હતી એ ઘરનું સીધુંસામાન લેવા માગતી હતી. એ બહાર જતી હતી એ પણ ઘર માટે કશીક ખરીદી કરવા જ જતી હતી, પોતે ખોટો ચિડાતો હતો. મીતા જે રીતે ઘર સંભાળતી હતી એ જોતાં એને દરેક વસ્તુનો ખ્યાલ હશે જ એટલે કદી પોતાનાં કપડાં કે કોઈ પણ ચીજ માટે તપાસ નહોતી કરવી પડતી અને રસોઈમાં તો એની માસ્ટરી હતી, તો પછી પોતાને કેમ પોતાનો દોષ ન દેખાયો ને માત્ર મીતાનો જ દોષ દેખાયો? એક પણ વખત રસોઈ એણે મોડી નહોતી બનાવી, ચ્હા-નાસ્તો પણ સમયસર આવી જતો અને પોતાને બે-ચાર વખત બહાર રાહ જોવી પડી એમાં દોષ મીતાને દેવાનો? પોતે બીજી ચાવી ન બનાવડાવી શકેત? એરપોર્ટ આવી પણ ગયું ને પોર્ચમાં ટેક્સી ઊભી રહી. એક ક્ષણ એ અંદર જ બેસી રહ્યો પછી એણે નક્કી કરી નાખ્યું- ઘેર પાછા જઈને મીતાની માફી માગી લેવી ! એ બહાર આવ્યો. દિલ્હીની ટિકિટ ફાડીને ટુકડા નીચે ફેંક્યા ને ટેક્સીવાળાને ‘હવે પાછા ઘેર ચાલો’ એવું કહેવા માટે એણે હોઠ ખોલ્યા, ત્યાં જ એની ટેક્સીની પાછળ બીજી ટેક્સી આવીને ઊભી રહી અને એમાંથી મીતા ઊતરી. અનુપને આશ્ચર્ય થયું. “અનુપ,” મીતા એની પાસે આવીને બોલી, “બધો વાંક તમારો નહોતો, મારો પણ વાંક હતો. મેં પણ બહુ વિચાર્યું ને મને લાગ્યું કે, મારે તમારી માફી માગવી જોઈએ એટલે હું પાછી આવી.”

અચાનક એનું ધ્યાન નીચે પડેલા ટિકિટના ટુકડાઓ પર ગયું. “તમે કેમ હજી બહાર જ છો ?” મીતાએ પૂછ્યું, “ને આ ટિકિટ ફાડી નાખી? તમારે દિલ્હી નથી જવું?” “મીતા,” અનુપ બોલ્યો, “તને જે વિચાર આવ્યો એ જ મને પણ આવેલો કે બધો વાંક તારો જ હતો? મારો કોઈ વાંક જ ન હતો? મને લાગ્યું કે, ખરેખર મારો પણ વાંક હતો, એટલે હું પાછો આવીને તારી માફી માગવાનો હતો પણ હવે અહીં જ માફી માગી લઉં છું, મને માફ કર મીતા.’’

માફ કરવાના બદલે મીતા અનુપને ભેટી પડી. એણે પર્સમાંથી ડાયવોર્સ પેપર કાઢીને ફાડી નાખ્યો, ને ડસ્ટબીનમાં ટુકડા નાખી દીધા!

“ચાલો,” મીતા બોલી, “હવે તમે આવ્યા એ જ ટેક્સીમાં પાછા ઘેર જઈએ પણ તમારી બદલી તો દિલ્હી....”

“ક્યાંય નથી થઈ,” અનુપ હસ્યો, “હું થોડા દિવસ રજા મૂકીને દિલ્હી રહેવાનો હતો. મેં રજા પણ મૂકી છે એટલે કાલે આપણે બાલી જઈશું ફરવા માટે, હવે ફરી આપણે વાતાવરણ જેવું હતું એવું જ કરી નાખીશું.”

ટેકસીમાં ગોઠવાયા પછી અનુપે મીતાના ગાલ પર તસતસતું ચુંબન ચોડી દીધું, એ વખતે અમદાવાદના રસ્તા પર આથમતા સૂરજનાં અજવાળાં પથરાતાં હતાં!

(શીર્ષકપંક્તિ: હરીશ જસદણવાળા)